# ભીષ્મ સાહની કૃત અરૂઢ વિષયની વાર્તા 'વાંગ્ચૂ'

ડૉ. આનંદ વસાવા
ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી

આત્મકથાનાત્મક શૈલીમાં લખાયેલી 'વાંગ્ચૂ' ભીષ્મ સાહનીની નીવડેલી વાર્તાઓ પૈકીની એક લાંબી વાર્તા છે. ભારત અને ચીનના બદલાતા રાજકીય પરિપ્રેક્ષ્ય માં પિસાતા-ઘવાતા અને કરુણાન્ત પામતા બૌદ્ધ ભિક્ષુકના જીવનની કરુણકથની વાર્તાનો કેન્દ્રસ્થ વિષય છે. રાષ્ટ્રોના સરહદની સીમાઓ અને તેની નિર્મમ રાજનીતિ માનવીને બંધક બનાવીને ગુંગળાવી દે છે. વૈશ્વિકરણના આ યુગમાં ટેક્નોલોજીને કારણે ભૌતિક અને ભૌગોલિક દૃષ્ટિકોણથી માનવ 'વૈશ્વિક' બન્યો હશે કદાચ, ભાવનાત્મક સ્તરે તેનું વિશ્વ સતત સંકોચાતુ રહ્યું છે.

વાંગ્ચૂ નામનો એક બૌદ્ધ ભિક્ષુ બુદ્ધની જન્મ અને કર્મભૂમિ ને ઓળખવા - સવંદેવા, બૌદ્ધ અવશેષોનું સંશોધન-અધ્યયન કરવા ભારત આવ્યો છે. તેની પોતાની અંગત કોઈ મોટી આકાંક્ષાઓ નથી કે નથી બૌદ્ધ ધર્મનો તે ભાષ્યકાર. એ તો બૌદ્ધ પંથના અદના અનુયાયી છે અને બૌદ્ધપંથી બની રહેવું છે. બુદ્ધની ભૂમિથી પ્રભાવિત થયેલો તે પોતાની શક્તિ અને મતિ મુજબ મહાપ્રાણને સંવેદી રહ્યો છે. અમાનવીય-કૃત્રિમ અને માનવસર્જિત જડ વ્યવસ્થાઓ તેની ઈચ્છાઓને કચડી નાંખે છે, નામશેષ કરી નાંખે છે.

વાર્તાના આરંભે દૂર નદી કિનારેથી પોતાની મસ્તીમાં જ દોડતા આવી રહેલા વાંગ્ચૂને મળીએ ત્યારે સમજાય કે ગમતું મળો ગયાની અવસ્થાને તે ખરેખર માણી રહ્યો છે. કથક કહે છે – "ક્ષણ-ભર કે લિએ મુઝે લગા, જૈસે વાંગ્ચૂ ઈતિહાસ કે પન્નોં પર સે ઉતરકર આ ગયા હૈ ... પ્રાચીન કાલ મેં ઈસી ભાંતિ દેશ-વિદેશ સે આનેવાલે ચીવરધારી ભિક્ષુ પહાડોં ઔર ઘાટિયોં કો લાંઘકર ભારત મેં આયા કરતે હોંગે. અતીત કે એસે હી રોમાંચકારી ધૂંધલકે મેં મુઝે વાંગ્ચૂ ભી ચલતા હુઆ નજર આયા .... ઉસકી મન:સ્થિતિ કો દેખતે હુએ વહ સચમુચ હી વર્તમાન સે કટકર અતીત કે હી કિસી કાલખંડ મેં વિચર રહા થા"(પૃ-૬૩)

બોધિસત્વોની ભૂમિ ના માત્ર પગ જોઈને તેને મહાપ્રાણ ના પગ ની યાદ આવી ગઈ. તે ભાવુક બની ગયો. વાંગ્ચૂ ભારત માં 'મતવાલો' બનીને ઘૂમી રહ્યો છે. મહાપ્રાણ ના જન્મસ્થળ લુમ્બીની ની યાત્રા તે ઉઘાડા પગે, આખે રસ્તે હાથ જોડીને ફરી ચૂક્યો છે. જ્યાં જ્યાં તેના આરાધ્યદેવ ગયા હતા એ બધા રસ્તાઓ તે ખૂંદી વળ્યો છે. જ્યાં મહાપ્રાણે પોતાનું પહેલું પ્રવચન કર્યું હતું એ પીપળાના ઝાડ નીચે તે કલાકો સુધી નતમસ્તક બેઠો રહ્યો હતો. તેને એ વખતે લાગ્યૂં હતું કે જાણે તે

સ્વયં મહાપ્રાણનું પ્રથમ પ્રવચન સાંભળી રહ્યો છે. મહાપ્રાણની ભૂમિમાં તે એટલો ગબાડૂબ બની ગયો હતો કે સારનાથમાં જ તેણે રહેવાનું શરૂ કર્યું હતું. શ્રીનગરમાં હતો ત્યારે પર્વતોના શિખરો તરફ જોઈને કહેતો – "વહ રાસ્તા લ્હાસા કો જાતા હૈ ન, ઉસી રાસ્તે બૌદ્ધગ્રંથ તિબ્બત મેં ભેજે ગયે થે."(પૃ. ૬૫) હિમાલયની પર્વતમાળાઓને તે પવિત્ર માનતો હતો, કેમકે એ પર્વતોની પગદંડીઓના રસ્તે જ બૌદ્ધ ભિક્ષુઓ તિબેટ તરફ રવાના થયા હતાં.

પ્રોફેસર તાન-શાન સાથે બુદ્ધની કર્મભૂમિના દર્શને આવેલો વાંગ્ચૂ પછી અહીં જ રહી ગયો. કાવ્યમય પ્રકૃતિનો આ ભાવુક જીવ પ્રાચીનતાના મનભાવન વાતાવરણમાં વિચરણ કરવા ઈચ્છતો હતો. તેણે કોઈ તાત્ત્વિક આધારો નહોતા ખોળવા. લેખક નોંધે છે – "વહ તો બોધિસત્વોં કી મૂર્તિયોં કો દેખકર ગદગદ હોને આયા થા."(પૃ. ૬૫) તે ભાગ્યે જ બૌદ્ધ મૂલ્યોની ચર્ચા કરતો. તેનામાં કોઈ રહસ્ય છતું કરવાના ઉત્સાહ પણ નહોતો, કે નહોતી કોઈ આશંકા જે તેને મુંઝવે. તે જિજ્ઞાસુ ઓછો ને ભક્ત ઝાઝો હતો.

રાષ્ટ્રોની રાજનીતિ, અંદરો અંદરના ખટરાગો, ઝઘડાઓમાં તેને લેશમાત્ર રસ નહોતો. કથક તેના મિત્રો સાથે દેશની રાજનીતિ કે ધર્મનીતિ વિષયક ચર્ચા માં કલાકો ખૂંપી જતા ત્યારે વાંગ્ચૂ ત્યાં ઉપસ્થિત હોવા છતાં ભાગ્યેજ તેની ઉપસ્થિતિનો અનુભવ કરાવતો. માત્ર હસ્યા કરતો. સાંભળતો હોવાનો ડોળ કરતો પણ જે સાંભળ્યુ હોય એ વિશે જાણે એને ન્હાવા-નીચોવવાનો સંબંધ નહોતો. ભારત માટે એ સ્વતંત્રતાની લડાઈનો સમયગાળો હતો. દેશ અનેક રાજકીય ઉથલપાથલોમાંથી પસાર થઈ રહ્યો હતો. દેશનો અદનામાં અદનો માનવી ક્યાંક પ્રત્યક્ષ તો ક્યાંક પરોક્ષપણે ભાવાત્મક સ્તરે આવી બધી બાબતો સાથે સંકળાયેલો હતો. આવી બધી બાબતો પરત્ત્વેનું વાંગ્ચૂનૂં જલકમલવત્ વલણ કથક અને તેના મિત્રોને અકળાવી મૂકતું. ભારત અને ચીન બે અલગ રાષ્ટ્રો હોવાની બાબત સાથે તેને જાણે કે કાંઈ લાગતુવળગતું જ નહોતું. વાંગ્ચૂ માટે વતન કહો કે માતૃભૂમિ, મહાપ્રાણની ભૂમિ જ સર્વસ્વ હતું. કોઈ ઈતિહાસમાં નોંધ પામે તેવો મહાન તપસ્વી તે નહોતો, તેની દુનિયા જ અલગ હતી. પોતાના વિશે અને પોતાની આસપાસના જગત વિશે ભાગ્યે જ કંઈ કહેવાનું રહેતું. જ્યારે નહેરુજી શ્રીનગર આવ્યાં અને આખો પ્રદેશ તેમને આવકારવા થનગની રહ્યો હતો ત્યારે વાંગ્ચૂના મનોવલણમાં તલભારનો ય ફરક નહોતો પડયો. નહેરુને વધાવતા સરઘસને તે નિરપેક્ષ પણે નિહાળી ને સંગ્રહાલયોની દુનિયામાં લીન થઈ જાય છે. વાંગ્ચૂનું આવું નિરસ, પ્રતિક્રિયાઓ વગરનું વલણ ફરીથી લેખકના મિત્રવર્તુળને અકળાવી મૂકે છે. કથક પણ વાંગ્ચૂના પક્ષકાર ન હોવા છતાં તેનો યથાર્થ બચાવ કરતા, મિત્રોને કહે તો કે એને અહીં ભારતનો વર્તમાન નહિ ભારતનો ભૂતકાળ ખેંચી લાવ્યો છે.

એનો અર્થ એવોય નથીકે વાંગ્ચૂ સાવ સંસાર વિરક્ત તપસ્વી છે જેને દુનિયાનું સૌંદર્ય, ઋતુઓ, પ્રકૃતિ સહેજ પણ નથી આકર્ષી શકતા. કથકની માસિયાઈ બહેન નીલમનું સાંનિધ્ય વાંગ્ચૂને ગમે છે. વાંગ્ચૂ નીલમને ચાંદીના કશ્મીરી ઝુમખા ભેટમાં આપે છે. કથકને ચિંતા છે કે ક્યાંક નીલમ લાગણીના પ્રવાહમાં ખેંચાઈ ન જાય. પણ તેને રાહત એ વાતની છે કે નીલમ તો

તેના આ આકર્ષણને મજાક બનાવી રહી છે. ક્યારેક કથક વાંગ્ચૂની દયા ખાય છે કે નીલમ ક્યાંક તેને કઠોર ઠેસ ન પહોંચાડી બેસે. નીલમે આપેલું રાઈટીંગ પેડ વાંગ્ચૂએ જણસની જેમ મૃત્યુપર્યંત સાચવી રાખ્યું હતું. વાંગ્ચૂ સાવ અરસિક તો નહોતો પણ એનું લક્ષ્ય જુદું હતું. વાંગ્ચૂ એક ભાવુક બૌદ્ધ સંશોધક હતો, બૌદ્ધધર્મના અવશેષોની ખોજમાં તે ભારત આવ્યો હતો, સાવ સામાન્ય સ્તરનું અંગ્રેજી અને હિન્દી બોલી-સમજી શક્તા વાંગ્ચૂ માટે ભારતનો ભૂતકાળ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હતું. વર્તમાનથી વિચ્છેદાઈને અતીતના કાલખંડોમાં વિહરતો વાંગ્ચૂ બૌદ્ધ મૂર્તિઓ જોઈને ગદ્ગદ થઈ જતો, તેમ ખંડિત મૂર્તિઓ જોઈને તેનું ગળુ ભરાઈ આવતું. બૌધ્દો બાબતે કંઈપણ જાણવા મળે તો તે ભાવુક બનીને ચીની અથવા પાલી ભાષામાં ટપકાવી લેતો.

ભારત જ નહીં ચીનની રાજકીય પરિસ્થિતિઓ-ગતિવિધિઓ તેને આકર્ષી શક્તી નહીં. કથકને એક વખતે વાંગ્ચૂ દિલ્હી મળી ગયો. કથકને હતું કે એ દિવસોમાં ચીનના પ્રધાનમંત્રી ભારતમાં આવ્યા હોઈ વાંગ્ચૂ તેમના દીદાર કરવા આવ્યો હશે. પરંતુ નહેરુ વિશે હતું તેવું જ બેપરવા વલણ વાંગ્ચૂ પોતાના દેશના પ્રધાનમંત્રી વિશે ધરાવતો હતો. તાત્પર્ય એટલું જ કે ચીનનો હોવા છતાં પણ એ ચીનનો નહોતો અને ભારત પ્રત્યે શ્રદ્ધાવાન હોવા છતાં એ ભારતીય નહોતો.

ચીનમાં સમાજવાદી શાસન સ્થપાયું એવી રાજકીય ગતિવિધિઓ વાંગ્ચૂને ભાગ્યે જ સ્પર્શી શકી હતી. ૧૯૨૯ ની રાજકીય ઉથલપાથલમાં એના ઘરને સળગાવી મૂકાયું હતું. તેમાં તેના સગવહાલાઓ મરી ચૂક્યા હતાં. એક ભાઈ બચ્યો હતો તે કોઈક ગામમાં રહેતો હોવાનું તે જાણતો હતો. વાંગ્ચૂ પોતાના અધ્યાપક તાનશાન સાથે ભારતમાં આવ્યો હતો, તાન-શાન તો સ્વદેશ પાછા ચાલ્યા ગયા પણ વાંગ્ચૂ અહીં રહી ગયો. પંદરેક વર્ષ અહીં રહ્યાં પછી વાંગ્ચૂ ને જાણવા મળ્યું કે ભારત-ચીનના સંબંધો માં ઘણું પરિવર્તન આવ્યું છે. સંબંધો સુધર્યા હોઈ સ્વદેશ જઇને પોતાની સ્કોલરશીપની વ્યવસ્થા સુપેરે કરી લેવાની તેને આશા જન્મી હતી. વાંગ્ચૂ ચીન જવા રવાના થયો ત્યારે કથકને એક પ્રકારની નિરાંત થઈ હતી કે હાશ ધોબી ના કૂતરા જેવી સ્થિતિમાંથી વાંગ્ચૂ ઉગરી ગયો.

વાંગ્ચૂને સ્વદેશમાં પોતાનો ભાઈ તો ન જ મળ્યો પણ અધ્યાપક તાનશાન અને દૂરના એક માસી મળ્યાં. પોતે જે વિદ્યાલયમાં ભણ્યો હતો એ વિદ્યાલય માં તેને આમંત્રણ આપવામાં આવ્યું. ભારત-ચીન વચ્ચેની સાંસ્કૃતિક કડી તરીકે તેનું સન્માન કરાયું. તેને પૂછાયેલ પ્રશ્નોના તેણે પોતાની સમજણ મુજબના જવાબો આપ્યાં. ત્યાં એક દિવસ એક શંકાસ્પદ વ્યક્તિની જેમ તેને ગ્રામપ્રશાસન દળ સામે હાજર કરવામાં આવ્યો. દળના વ્યક્તિઓ તેના ઉપર શંકા કરતા સવાલો પૂછીને તેને અકળાવી મૂક્યો – ભારતમાં કેટલાં વર્ષ રહ્યાં ? ત્યાં શું કરતા હતાં ? ભારતની વિદેશનીતિ બાબતે તમે શું જાણો છો ? નહેરુ વિશે તમારું શું માનવુ છે ? … વગેરે … પોતાના જ દેશમાં પરાયા બની ગયાની લાગણી તેને થઈ આવી. તેણે બાકીની જિંદગી ભારતમાં જ પસાર કરવાનો નિર્ણય કરી લીધો અને ફરી પાછો ભારત આવી ગયો.

જ્યારે તે કલકત્તા પહોંચ્યો ત્યારે સરહદ પર ચીની-ભારતીય સૈનિકો વચ્ચે મુઠભેડ ચાલી રહી હતી. જેમાં દસેક ભારતીય સૈનિકો માર્યા ગયા હતાં. કલકત્તા પહોંચતા જ વાંગ્ચૂ ભારતીય સેનાની નજરમાં શંકાસ્પદ વ્યક્તિ બની ગયો. તેને પોલિસ સ્ટેશનમાં લઈ જઈને ઉલટાસીધા પ્રશ્નો પૂછવામાં આવ્યા. પોલિસવડાને લાગેછે કે આ વ્યક્તિ ઉપર સતત નજર રાખવી પડશે. વાંગ્ચૂને અનેક સવાલો કર્યા પછી તાકીદ કરાઈ કે તેણે મહિનાના પ્રથમ સોમવારે પોલિસ સ્ટેશનમાં હાજર થવું. આ અનુભવો વાંગ્ચૂને આઘાત આપનારા છે. સવાલ સોમવારે હાજર રહેવાનો નહિ પણ તેના પર અવિશ્વાસ કરાય છે તેનો હતો. જો કે સારનાથ પહોંચતાં જ તે ભાવ વિભોર બની ગયો. ત્યાંની કેન્ટિનનો રસોયો જે એનો ખૂબ આદર કરતો હતો તેણે વાંગ્ચૂને આવકાર્યો. વાંગ્ચૂને લાગ્યુ કે તેની ડામાડોળ જિંદગીમાં સમતુલા સધાઈ રહી છે.

થોડાંક જ વખતમાં ભારત અને ચીન વચ્ચે યુદ્ધ શરૂ થયું અને એ દિવસે વાંગ્ચૂને અધિકારીઓ બંદી બનાવીને બનારસ લઈ આવ્યા. તેના સામાનની તપાસ કરવામાં આવી. તેનાં પાલી અને સંસ્કૃતમાં લખાયેલાં લખાણો તથા ચીની ભાષાની નોંધો શંકાના દાયરામાં આવી ગઈ. બનારસમાં કોઈ તેના લખાણની ભાષાઓ જાણતુ ન હોવાથી એ કાગળિયા દિલ્હી મોકલવામાં આવ્યા. આ ગતિવિધિઓ વાંગ્ચૂની જાણ બહાર થઈ રહી હતી. લડાઈ બંધ થતા એક મહિના પછી વાંગ્ચૂને પુન:સારનાથ જવાની પરવાનગી મળી. સારનાથ જતી વેળા પોતાની ખાલી ટ્રંકને જોઈને વાંગ્ચૂ ધ્રુજી ગયો. તેની જિંદગી ભરની કમાણી કહી શકાય તેવી નોંધોના કાગળો ગૂમ થયાં હતાં. માગણી કરતાં તેને અપમાનિત કરીને કાઢી મૂકવામાં આવ્યો. આ ઘટનાથી વાંગ્ચૂ અધમૂઓ જેવો થઈ ગયો. કોઈ કામમાં તેનું ચિત્ત પરોવાતું નહીં. તેણે નોંધો કરવાનું છોડી દીધું. તેની ઉપર સતત નજર રાખવામાં આવતી હતી. દરમહિને તેણે બનારસ પોલિસ સ્ટેશનમાં હાજર થવું પડતું હતું. બૌદ્ધ સોસાયટી દ્વારા તેને મળતું અનુદાન બંધ કરી દેવાયું હતું.

એકાદ વર્ષ બાદ તેને પત્ર મળ્યો કે તેના દિલ્હી મોકલેલા કાગળો પાછા લઈ જાય. દરમિયાન તે ભંયકર બિમારીમાં સપડાયો પડતાઆખડતા બનારસ પહોંચેલા વાંગ્ચૂને તેના  લખાણોનો એક તૃતિયાંશ ભાગ જ સોંપવામાં આવ્યો. થાણાનો અધિકારી ઉડાઉ જવાબ આપતાં કહે છે કે જે છે એ કાગળો લઈ જાય અથવા લખી દે કે નથી લઈ જવું. સતત યાતનાગ્રસ્ત વાંગ્ચૂ અંતે પોતાની ઈમાનદારી, નિષ્ઠા, જિજ્ઞાસા અને જ્ઞાનપીપાસાથી થાકીલો, હારીને સારનાથનાં ખંડેરોમાં પોતાનો પ્રાણ ત્યાગી દે છે. મૃત્યુ પૂર્વે કથક ને લખેલ પત્ર મુજબ ટ્રંક લઈને ઘરે આવેલા કથકને પત્નીની ભારે નારાજગીનો ભોગ બનવું પડે છે. ઘરમાં જુદે જુદે ઠેકાણે ટ્રંકને સંતાડવા મથતા કથકને અંદાજ છે જ કે ક્યારેક તો વાંગ્ચૂની રહી સહી નિશાની ગલીમાં ફેંકી જ દેવાશે ! સંવેદનબધિર રાજનીતિ બે દેશો વચ્ચેના માનવીય અને સાંસ્કૃતિક સંબંધો પરત્ત્વે જરા પણ સંવેદનશીલ હોતી નથી. જડ રાજ્ય વ્યવસ્થામાં માણસની ઓળખ માનવ હોવા માત્રમાં નહિ પરંતુ ધર્મ અને રાજકીય વિચારધારામાં નિહિત હોય છે. ધર્મ કે રાજનીતિના વાઘા વગર કોઈનું અસ્તિત્વ કલ્પના બહારની વાસ્તવિકતા બની રહે છે. વસ્તુત: વાંગ્ચૂ ન તો ચીની હતો ન ભારતીય. એ માત્ર મનુષ્ય હતો અને મનુષ્ય હોવાના નાતે એ ચીની પણ હતો અને ભારતીય પણ. રાજકીય સરહદોની સીમાઓને ઓળંગી ગયેલું એ સ્વતંત્ર અસ્તિત્વ હતું તેની પ્રતીતિ વાચકને કરાવવામાં લેખક સફળ રહ્યાં છે.